**ખાનગી વીજ કંપનીઓ સાથે વીજ ખરીદીના કરારો**

* 15/4/1662 : **શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદીના કરારો થયેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કરાર મુજબ કેટલી ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી, | (૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદેલ વીજળી અને તેના ભાવની વિગત નીચે મુજબ છે: |

| વર્ષ | કુલ કંપનીઓની સંખ્યા | કુલ મિલિયન યુનિટ | સરેરાશ દર (રૂ./યુનિટ) |
|---|---|---|---|
| ૨૦૨૨ | ૮૦૪ | ૩૯૮૨૬ | ૫.૨૫ |
| ૨૦૨૩ (પ્રોવિઝનલ) | ૯૧૯ | ૪૧૫૧૩ | ૪.૭૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ વીજળી ખરીદી ન હોય અને કરાર મુજબ કોઈ વીજ કંપનીને ફિક્સ કોસ્ટ પેટે રકમ ચૂકવેલ હોય તો કઈ કંપનીને કેટલી રકમ ચૂકવેલ છે? | (૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનગી વીજ કંપની પાસેથી વીજળી ખરીદી કર્યા સિવાય ફિક્સ કોસ્ટ પેટે કોઈ રકમ ચુકવવામાં આવેલ નથી. |

----------